# શ્રી ચારગામ દશા પોરવાડ મહામંડળનું બંધારણ

## મહત્વના મુદ્દાઓ સંક્ષિપ્તમાં

| | | |
|---|---|---|
| 1. | નામ અને નોંધણી/વહીવટી કાર્યાલયો (કલમ : 1, 2) | નામઃ શ્રી ચારગામ દશા પોરવાડ મહામંડળ **(CDPMM)**<br>➢ નોંધણી કાર્યાલય અમદાવાદ ખાતે, નક્કી થનાર સરનામા મુજબ (8, નંદિની એપાર્ટમેન્ટ, ધર્મયુગ સોસાયટીની ગલી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-380006, ખાતે રહેશે જે તા. 16-10-2011ના રોજ વડોદરા ખાતે નક્કી કરાયેલ છે જે શ્રી ભરત જે. મહેતા, CDPMMના પ્રમુખનું નિવાસસ્થાન છે.<br>➢ વહીવટી કાર્યાલય સમયાંતરે સંચાલન સમિતીના સભ્યોને અનુકુળ હોય તે મુજબ નક્કી કરાશે |
| 2. | Focus (કલમો 3, 4, 5) | (a) સુમેળ અને બંધુત્વની ભાવનાને ઉત્તેજન મળે એ હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમો અનેસંદેશા વ્યવહાર<br>(b) ઉચ્ચ શિક્ષણ માટે જરૂરીયાતમંદ હોંશિયાર વિદ્યાર્થીઓને સહાય<br>(c) જરૂરીયાતમંદોને તબીબી સહાય<br>(d) જરૂરીયાતમંદોને સામાજીક સુરક્ષા અને આર્થિક સહાય<br>(e) સભ્યો અને જ્ઞાતિના લાભ માટે અન્ય વિશિષ્ટ યોજનાઓ<br>બધા જ સભ્યો માટે પ્રવૃતિઓ ઉપરાંત*CDPMM* એ *CDPC*ના સૌથી ગરીબ અને જરૂરીયાતમંદ સભ્યો માટે કામ કરશે. *CDPMM*ની પ્રવૃતિઓમાં આડોશપાડોશ અને બૃહદ સમાજનો પણ કોઈપણ નાત-જાત, પંથ, જ્ઞાતિ, જાતી કે ધર્મના ભેદભાવ વગર આવરી લેવામાં આવશે |
| 3. | મૂળભૂત સ્થાપકો દાતાઓ અને આશ્રયદાતા (કલમ 6, 7, 8, 10) | ➢ ચારગામ દશા પોરવાડ જ્ઞાતિ (CDPC)માં એવા કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે મૂળભૂત રીતે સંતરામપુર, માલવણ, લુણાવાડા અને વિરપુર ગામોમાંથી સ્થળાંતરીત થયેલા હોય<br>➢ હાલમાં, CDPC કુટુંબો મૂળવતનના ચાર શહેરોઉપરાંત, અમદાવાદ, મુંબઈ, ગોધરા, વડોદરા અને ભારતના અન્ય શહેરો/મહાનગરોમાં, યુએસએ અને અન્ય દેશોમાં પથરાયેલ છે<br>➢ અમદાવાદ, મુંબઈ, ગોધરા, વડોદરા અને મૂળવતનના શહેરો (સંતરામપુર, માલવણ, લુણાવાડા અને વિરપુર)ના સ્થાનિક CDPM એ CDPMMના મૂળભૂત સ્થાપકો છે<br>➢ ઉપરાંત, સ્થાપક સભ્યો જો લઘુત્તમ દાન/ફાળો રૂા. 1,00,000/- આપે તો તેઓને પણ પ્રમોટર્સ તરીકે ગણવામાં આવશે. સ્થાપક સભ્યના વર્ગમાં જોડાવા માટે શરૂઆતના મર્યાદિત સમય પૂરતુંજ ચાલુ રહેશે (નોંધણી થયાના એક વર્ષ* સુધી). (*સૂચિત ફેરફાર)<br>➢ દાતાઓ/આશ્રયદાતા માટે નીચે મુજબ વર્ગીકરણ નક્કી કરાયું છે<br>(a) દાતાઓ : રૂા. 50,000/-; (b) આશ્રયદાતા રૂા. 25,000/-; (c) ઉપદાતા રૂા. 15,000/-. |
| 4. | સભ્યપદ (કલમ 9) | <u>સભ્યપદની કક્ષા અને ફી</u><br>➢ માત્ર એક જ પ્રકારનું સભ્યપદ - આજીવન સભ્ય. સભ્યપદ ફી રૂા. 2,500/- કુટુંબ માટે.<br>➢ હિંદુ સંસ્કૃતિ ધરાવતી અન્ય જ્ઞાતિઓમાં પરણાવેલી દીકરીઓ પણ ઉપર મુજબ આજીવન સભ્ય બનવા માટે લાયક ગણાશે.<br>➢ સ્થાપક સભ્યો, દાતાઓ, આશ્રયદાતાઓ અને ઉપદાતાઓએ પણ આજીવન સભ્યપદ માટેની ફી અલગથી ભરવાની રહેશે.<br><u>સભ્યપદ માટેના અન્ય પાસાંઓ</u><br>➢ CDPMMના સભ્ય બનવા માટે સ્થાનિક CDPMના સભ્ય હોવું જરૂરી છે. (શહેરો, નગરો કે જ્યાં સીડીપીસીના ઓછામાં ઓછા 20 કુટુંબો હોય ત્યાં સ્થાનિક મંડળ બનાવવું જરૂરી છે. જે વિસ્તારમાં પૂરતા સભ્યો ના હોય તેઓ સૌથી નજીકના મંડળમાં જોડાઈ શકે છે છૂટાછવાયા કુટુંબો કે જે મંડળથી દૂર રહેતા હોય તેઓ માટે સીડીપીના સ્થાનિક મંડળના સભ્યપદની જરૂરીયાતને જતી કરવામાં આવશે).<br>➢ અલગ રહેતા* પરણિત પુત્ર કે પુત્રીઓનુંઅલગ સભ્યપદ રહેશે. (*સૂચિત ફેરફાર)<br>➢ કોઈપણ યોજનાના લાભ મેળવવા સભ્યપદ હોવું જરૂરી છે<br>➢ જરૂરીયાતમંદ કુટુંબો, આશ્રિત માતાપિતા અને જીવન ટકાવવા મર્યાદિત સાધનો ધરાવતાં વરિષ્ટ નાગરિકો માટે રાહતદરે સભ્યપદની વિશિષ્ટ જોગવાઈ. |

| | | |
|---|---|---|
| 5. | સંચાલન | |
| | સંચાલન સમિતી<br>(MC)<br><br>(કલમ 11, 13) | ➢ સંચાલન સમિતીમાં વધુમાં વધુ31 સભ્યો રહેશે.<br>➢ અવધિ બે વર્ષની રહેશે 50 ટકા સભ્યો દર બે વર્ષે નિવૃત થશે<br>➢ તમામ સ્થાનિક મંડળોએ સંચાલન સમિતીમાં યોગ્ય પ્રતિનિધિત્વમળશે.<br>➢ સંલગ્ન સ્થાનિક CDPMએ સંચાલન સમિતીના સભ્યોને નક્કી/પસંદ કરવાના/ચૂંટવાના રહેશે<br>➢ પ્રત્યેક બે વર્ષના સમયગાળાની સંચાલન સમિતીમાં દરેક સ્થાનિક CDPMનું પ્રતિનિધીત્વ જે-તે સ્થાનિક CDPMનાં CDPMMમાં સભ્યોની સંખ્યાના પ્રમાણમાં રહેશે. (પ્રારંભિક બે સંચાલન સમિતીઓ માટે 2011ના વસ્તિપત્રકમાં દર્શાવેલ કુટુંબોની સંખ્યાના પ્રમાણમાં રહેશે – કૃપા કરી નીચે જુઓ) |
| | પ્રારંભિક સંચાલન સમિતિ<br>(કલમ 11) | જુદા જુદા શહેરો/મહાનગરોમાં રહેતા કુટુંબોને ધ્યાનમાં રાખતા(2011ના વસ્તિપત્રક મુજબ) પ્રારંભિક બે સંચાલન સમિતીઓમાં સભ્યોની સંખ્યા(દર બે વર્ષે) જુદી જુદી સ્થાનિક CDPM દ્વારા નીચે મુજબ નિર્ધારીત કરવામાં આવી છે.<br>અમદાવાદ 8    સંતરામપુર 3<br>મુંબઈ 8    માલવણ 1<br>વડોદરા 2    લુણાવાડા/વિરપુર 1<br>ગોધરા 3    અન્ય વિસ્તારો 5<br>કુલ **31** |
| | હોદ્દેદારો<br>(કલમ 11) | ➢ પ્રમુખ<br>➢ ઉપપ્રમુખ<br>➢ માનદ્ મંત્રી<br>➢ સહમંત્રી<br>➢ ખજાનચી<br>નોંધ – શક્ય હોય ત્યાં સુધી પ્રમુખ અને ઉપ પ્રમુખ તથા મંત્રી અને સહમંત્રીજુદા જુદા સ્થાનિક CDPMમાંથી રહેશે |
| | પેટા-સમિતીઓ<br>(કલમ 11) | ➢ સભ્યપદ<br>➢ સંદેશા વ્યવહાર, સંસ્કૃતિ, રોજગારલક્ષી અને સ્વસહાય પ્રવૃતિઓ<br>➢ શિક્ષણ<br>➢ તબીબી સેવાઓ<br>➢ સામાજીક સુરક્ષા<br>➢ ખાસ યોજનાઓ (દરેક યોજના માટે એક એમ વધુ સમિતીઓ પણ હોઈ શકે) |
| | સંચાલન સમિતીનું કાર્યવહન<br>(કલમ 13) | સંચાલન સમિતીની વર્ષ દરમ્યાન એજીએમના દિવસની બેઠક સહિત ઓછામાં ઓછી5 બેઠકો યોજાશે. વિગતવાર કાર્યશૈલી દર્શાવેલી છે. પ્રમુખ કે ઉપ-પ્રમુખની હાજરીમાં જ મહત્વના, નિતિ વિષયક નિર્ણય સંચાલન સમિતી દ્વારા લેવાશે |
| | જવાબદારીઓ અને સત્તાઓ<br>(કલમ 18, 19, 20) | પ્રમુખ, ઉપ-પ્રમુખ, માનદ્ મંત્રી, સહમંત્રી અને ખજાનચીની જવાબદારીઓ દર્શાવવામાં આવી છે. હોદ્દેદારોની સત્તાઓ સંચાલન સમિતી દ્વારા મંજૂર થયેલ અંદાજપત્ર પૂરતી સિમિત રહેશે |
| 6. | ચૂંટણી, એજીએમ, ઈજીએમ, એસજીએમ અને બંધારણમાં સુધારો<br>(કલમ 12, 16, 24) | ➢ સંચાલન સમિતીના સભ્યો અને હોદ્દેદારોની ચૂંટણી બે વર્ષે એક વખત યોજાશે જેમાંના 50 ટકા સભ્યો દર બે વર્ષે નિવૃત થશે(એક જ હોદ્દેદાર એક જ હોદ્દો સતત 6 વર્ષથી વધુ સમય ભોગવી નહીં શકે)<br>➢ વાર્ષિક સાધારણ સભા (એજીએમ) દર વર્ષના નાણાંકીય વર્ષ પૂર્ણતાની તારીખ31મી માર્ચથી 4 માસમાં યોજવામાં આવશે.<br>➢ અસાધારણ સામાન્ય સભા (ઈજીએમ) જરૂર જણાય તો કોઈ ખાસ કામ માટે યોજવાની જોગવાઈ કરાયેલ છે.<br>➢ ખાસ માંગણીથી બોલાવવામાં આવતી સામાન્ય સભા(એસજીએમ)ની પણ જોગવાઈ કરાયેલ છે જે સંચાલન સમિતીના કામકાજથી અસંતુષ્ટ સભ્યો દ્વારા બોલાવી શકાય<br>➢ બંધારણમાં ફેરફાર કરવા માટેની જોગવાઈ છે પણ તે માટેયોગ્ય કોરમ અને સામાન્ય સભાની બેઠકમાં બહુમતી થવી જરૂરી છે. |

| | | |
|---|---|---|
| 7. | કામગીરી અને આર્થિક સંચાલન (કલમ 14, 15, 21, 22) | ➢ આયોજન અને અંદાજપત્ર એ CDPMMના વિકાસ માટેનું તથા CDPMM ની પ્રવૃતિઓની દેખરેખ અને અંકુશ માટેનું ચાવીરૂપ રહેશે.<br>➢ તમામ પ્રવૃતિઓ અને લાભો સંલગ્ન નિતી-નિયમો અને યોગ્ય કામગીરી પ્રક્રીયા નિયમન કરવામાં આવશે.<br>➢ ત્રિમાસિક સંચાલન અહેવાલ અને સભ્યો સાથે માહિતીની આપલે આંતરિક સંચાલન અંકુશનું અભિન્ન અંગ રહેશે તથા સંચાલન સમિતીની સભ્યો પ્રત્યેની જવાબદારી ગણાશે.<br>➢ મોટા પાયે ભંડોળ એકત્રિત કરવું જેથી કરીને નિર્દિષ્ટ એવી તમામ કામગીરીઓ હાથ ધરી શકાય<br>➢ કેન્દ્રિત કરાયેલ તમામ ક્ષેત્રોમાં ભંડોળની ફાળવણી યોગ્ય ભાર આપી કરાશે(એટલે કે વ્યાજબી અને યોગ્ય વહેંચણી – નહીં કે એકસરખી જ)<br>➢ શક્ય હોય ત્યાં સુધી ભંડોળ પરનું વ્યાજ અને અન્ય આવકો ખર્ચની ચૂકવણીમાં જ્યારે બાકીની રકમ ભવિષ્યના ફુગાવા સામે મૂડી ભંડોળ ખાતે જમા કરાશે |
| 8. | મહાઅધિવેશન (કલમ 17) | ➢ દર ત્રણ વર્ષે* 15મી ડીસે.થી 15મી ફેબ્રુ. દરમ્યાન યજમાન CDPM શહેર કે નગરમાં યોજવામાં આવશે. આયોજન, અંદાજપત્ર અને સંચાલન એ CDPMMની જવાબદારી રહેશે જ્યારે તેને આગળ ધપાવવામાં, અમલીકરણ અને CDPMM સાથે સહકાર માટે યજમાન સ્થાનિક CDPM જવાબદાર રહેશે.<br>➢ સામાન્ય રીતે ઉપજ ખર્ચથી વધુ રહેશે– વધારો (અથવા અસાધારણ સંજોગોમાં ખધ) CDPMM ખાતે જશે. (*સૂચિત ફેરફાર) |
| 9. | સભ્યોની આચારસંહિતા (કલમ 23) | ➢ સભ્યો પારસ્પરિક વિશ્વાસ, એકાત્મતા, સદભાવ અને CDPMMના કુટુંબો તથા સમગ્ર CDPC સાથે માનની લાગણીઓ ધરાવે તેવી અપેક્ષા છે. CDPMM અને સ્થાનિક CDPMની પ્રવૃતિઓમાં ભાગ લેતા સમયે, મંડળના લાભો, સુવિધાઓ હાંસલ કરતા સમયે તેઓ ઉત્કૃષ્ટ નિતિમત્તા, પ્રમાણિકતા, એકસૂત્રતા અને વિશ્વસનીયતા રાખશે તેવી અપેક્ષા છે.<br>➢ દોષિત સભ્યો માટે શિસ્તભંગના પગલાંની જોગવાઈ છે |
| 10. | અન્ય (કલમ:25) | મહામંડળ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ હોઈ અપરિવર્તનીય(Irrevocable) અને નિરંતર (perpetual) રહેશે. ખૂબ જ અસંભવિત સંજોગોમાં મહામંડળ કામ કરતું બંધ થાય તો યોગ્ય કાનૂની કાર્યવાહી પછી જ તેનું સમાન હેતુ/ઉદ્દેશ્યોવાળા એક યા વધુ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ અથવા સંસ્થામાં વિલીનીકરણ/એકત્રીકરણ કરી શકાશે. |
| 11. | બંધારણનું સંપૂર્ણ લખાણ | Website : www.chargam.org ઉપર ઉપલબ્ધ છે. |

નોંધ - ઉપર દર્શાવેલ કલમ નંબરો વિસ્તૃત બંધારણના છે. કાયદાકીય અર્થઘટન માટે અંગ્રેજી વિસ્તૃત બંધારણ આધારભૂત ગણાશે

(*સૂચિત ફેરફારો તા. 6Jan2013ની અસાધારણ સામાન્ય સભામાં પસાર.)